

# પાલનપુરમાં પોલીસ પુત્રની જાહેરમાં ધુલાઈ

પાલનપુર શહેરના ટ્રાફિકથી ધમધમતા ગુરુનાનક ચોકમાં કેટલાક લોકોએ જાહેરમાં પોલીસકર્મીના પુત્રને માર માર્યો હતો. જાહેરમાં ભરબજારમાં પોલીસપુત્રને મેથીપાક ચખાડતા યુવકોને જોવા લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. ઘટના સ્થળે ચર્ચાતી વાતો મુજબ પાલનપુરના એક પોલીસકર્મીના કોલેજીયન પુત્રને યુવતીની છેડતી કરવા જતા સરેઆમ તેને જાહેરમાં મેથીપાક આપવામાં આવ્યો હતો. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# મોડાસામાં કોલેજ વિસ્તારમાં ગટરનું કામ ખોરંભે ચડતા લોકોમાં રોષ

## ખુલ્લી ગટર અને ગટરની ગંદકીના કારણે નજીકમાં આવેલી સ્કુલના બાળકોનું આરોગ્ય જોખમમાં

મોડાસા, તા.૧૩

સરકાર ધ્વારા ગઈકાલ થી અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લા માં શાળા ઓ માં આરોગ્ય ચકાસણી કાર્યક્રમ યોજવાની શરૂઆત કરી છે ત્યારે આ કાર્યક્રમ મજાક ઉડતી દેખાતી હોય તેમ મોડાસા કોલેજ રોડ ઉપર આવેલ જે.બી.શાહ ઈંગલીશ મીડીયમ સ્કુલ ની બહાર ખુલ્લી ગટરો અને અંદર ની ગંદકી ના કારણે શાળા ઓ માં ભણતા ભુલકાઓ નુ આરોગ્ય જોખમ માં મુકાયુ છે.



મોડાસા શહેર ના કોલેજ વીસતાર માં વરસાદી પાણી ના નીકાલ માટે ખોદવામાં આવેલ ગટર યોજના નુ કામ સમય વીતતાં છતા પુરુ ન થતા લોકો ની મુશ્કેલી માં વધારો થવા પામ્યો છે. રજુઆત કરવા છતા પણ કોઈ જાણે સાંભળનાર ન હોય તેમ નગરપાલિકા ના સતતાધીશો ને આ વાત કાને સંભળાતી જ નથી જેથી આ ગટર યોજનાનુ કામ ઝડપી પુરૂ થાય તેવી લોક માંગ ઉઠવા પામી છે.

અરવલ્લી જીલ્લા ના મોડાસા કોલેજ રોડ ઉપર વરસાદ ના પાણી ના નીકાલ માટે નગરપાલિકા ધ્વારા ગટર યોજના મંજુર કરવામાં આવી હતી અને તેનુ કામ ચાલુ કરવામાં આવ્યુ હતુ જે તે સમયે કામ ની સ્પીડ સારી હતી પરંતુ આજે આ વિસ્તાર માં ઠેરઠેર ગટર માટે મસમોટા ખાડા ખોદી દેવા માં આવ્યા છે અને ગટર નુ કામકાજ ખોરંભે ચડી ગયુ છે જયારે આ ખોદેલ ગટર લાઈન ના ખાડા માં એક મહિના અગાઉ એક બાઈક સવાર આ ગટર ના ખુલ્લા ખાડા માં ખાબકયો હતો અને એક ડોકટર ની ગાડી પણ ગટર માં ઉતરી પડી હતી સદભાગ્યે કોઈ જાનહાની નહોતી થઈ પરંતુ ગટર નુ કામ સત્વરે પુરુ કરવામાં નહી આવે તો મોટી દુર્ગટના સર્જાય તો નવાઈ વાત નહી?



(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

આ ગટર યોજના નુ કામ ઝડપી થાય તે માટે લોકો રજુઆતો કરી કરી ને થાકી ગયા છે. જેથી હવે આવનાર દિવસો માં આ કામ ઝડપી પુરુ ન થાય તો લોકો ને રસ્તા ઉપર ઉતરવાની ફરજ પડશે તેવુ દેખાઈ રહયુ છે. મોડાસા ના કોલેજ વીસતાર માં મોટા ભાગના વરસાદી પાણી નો નિકાલ નથી જેથી ચોમાસા માં આ વીસતાર ના લોકો ના ઘરમાં પાણી ભરાઈ જાય છે. જેથી લોકો ના ઘરો માં પાણી ના ભરાય તે માટે મોડાસા પાલિકા ધ્વારા ગટર યોજનાનુ કામ ચાલુ કરવામાં આવ્યુ છે. પરંતુ આ ગટર યોજનાનુ કામ મંદ ગતિ એ ચાલી રહયુ છે. જયારે આ મમલે નગરપાલિકા ના ચીફ એન્જીનીયર કહી રહયા છે કે ટુંક સમય માં આ કામકાજ પુરુ કરવામાં આવશે અને લોકો ની મુશ્કેલીઓ નો અંત આવશે.

મોડાસ ામાં કોલેજ વીસ્તાર માં ૨ ઈંચ વરસાદ પડતા લોકો ના ઘરો માં પાણી ઘુસી જાય છે જેથી આ લોકો ચોમાસામાં ૫ વાર મોડાસા અમદાવાદ હાઈવે જામ કર્યો હતો અને નગરપાલિકા ના કર્મચારીઓ નો ટપલીદાવ પણ કર્યો હતા. જેથી પાલિકા એ આ વિસ્તાર માં ગટર યોજનાનુ કામ ઝડપી પુરુ કરવુ જોઈએ નહી તો ફરી ચોમાસા માં લોકો ને રોડ ઉપર ઉતરવાની નોબત આવશે

# ૧૬ દેશના પ્રતિનિધિ મંડળે સાબરકાંઠા જિલ્લાની મુલાકાત લીધી

સ્મોલ બિઝનેસ પ્લાનિંગ એન્ડ -મોશન અંતર્ગત ૧૬ દેશના -તિનિધિઓ આજે ગુરૂવારના રોજ સાબરકાંઠા જિલ્લાની મુલાકાત લીધી હતી અને જિલ્લામાં થયેલા સર્વગ્રાહી વિકાસથી અભિભૂત થયા હતા.



(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સમગ્ર દેશમાં ગુજરાત રાજય જયારે વિકાસનું મોડલ તરીકે ઉભરી આવ્યુ છે. ત્યારે સ્મોલ બિઝનેસનું પ્લાનિંગ અને -મોશન કઈ રીતે અસરકારક બની શકે તે માટે ૧૬ દેશના -તિનિધિ મંડળે દેશના મોડલ વિલેજ અને સાબરકાંઠા જિલ્લામાં આવેલા પુસંરી ગામની મુલાકાત લઈ આદર્શ ગામમાં થયેલા વિકાસ અંગેની જાણકારી મેળવી હતી. આ ઉપરાંત તલોદના મોતેસરી ગામની સખી મંડળની બહેનો ધ્વારા સંચાલિત વિવિધ કામગીરીનું નિરીક્ષણ કર્યુ હતું.

આ ઉપરાંત દેશની સૌ -થમ એનિમલ હોસ્ટેલ આકોદારાની મુલાકાત લઈ પશુઓના સાર-સંભાળની અલાયદી વ્યવસ્થા જોઈ અભિભૂત થયા હતા. જયારે મહિલા પશુપાલકો ધ્વારા સંચાલિત દૂધ ઘર અને ઉત્પાદિત દૂધના એકત્રીકરણની સુદ્રઢ વ્યવસ્થાની માહિતી સાબર ડેરી ખાતેથી મેળવી હતી.

આ -તિનિધિ મંડળની કલેકટર કચેરી ખાતે યોજાયેલ બેઠકમાં કલેકટર બંછાનિધિ પાનીએ જિલ્લામાં હાથ ધરાયેલા વિકાસના અવનવા -ોજેકટની માહિતી આપી હતી જયારે જિલ્લા વિકાસ અધિકારી નાગરાજને દેશના સૌ -થમ આદિજાતિ તાલુકાને વાય ફાઈથી સજજ કરવામાં આવ્યો હોવાની વિગતો જણાવી હતી. -તિનિધિ મંડળમાં અફઘાનિસ્તાન, કંબોડીયા, મોંગોલિયા, નેપાલ, નાઈઝીરીયા, રશિયા, લંકા, ટ્યુનીશીયા, ધાના, મોરેશિયસ, યુગાન્ડા અને ઝીમ્બાવે સહિત અન્ય દેશના -તિનિધિઓ જિલ્લાની મુલાકાતથી -ભાવિત થયા હતા.

## આજે હિંમતનગર ખાતે રાજયકક્ષાની રસ્સાખેંચ સ્પર્ધા યોજાશે

હિંમતનગર, તા. ૧૩

ખેલ મહાકુંભ તેના અંતિમ ચરણમાં છે. જે અંતર્ગત જિલ્લા કક્ષાએ વિજેતા થયેલા રમતવીરોનું રાજયકક્ષાએ સ્પર્ધા આજે તા. ૧૪ નવેમ્બર ૨૦૧૪ શુક્રવારના રોજ જિલ્લા -ભારી અને ગૃહ રાજય મંત્રી રજનીકાન્ત પટેલની ઉપસ્થિતિમાં યોજાશે. હિંમતનગરના સ્પોર્ટસ સંકુલ ખાતે સવારે ૧૧-૩૦ કલાકે યોજાનાર રાજયકક્ષાની રસ્સા ખેંચ સ્પર્ધામાં અલગ અલગ વય જૂથની ૮ ટીમોના સ્પર્ધકોને -ોત્સાહિત કરવા સાસંદ દિપસિંહ રાઠોડ, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, કલેકટર બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન ઉપસ્થિત રહેશે.

## ઉજેડીયા માર્ગ પર રીક્ષા પલ્ટી ખાઈ જતા આધેડનું મોત

તાજપુરકેમ્પ, તા.૧૩

તલોદના ઉજેડીયા માર્ગ પર રીક્ષા પલ્ટી ખાઈ જતા અકસ્માત સર્જાયો હતો જેમાં ઈજાગ્રસ્ત આધેડનું આજે સવાર દરમિયાન કરુણ મોત નિપજયું હતું. તલોદ તાલુકાના ઉજેડીયા માર્ગ પર બે દિવસ અગાઉ પેસેન્જર ભરી પસાર થતી રીક્ષા અચાનક જ પલ્ટી ખાઈ ગઈ હતી. રીક્ષામાં બેઠેલા જોરાજીના મુવાડા ગામના વતની કેસરીસિંહ ગમસિંહ ઝાલાને માથા અને શરીરના ભાગે ઈજાઓ થતા તલોદ અને હિંમતનગર સિવિલ હોસ્પિટલ બાદ ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા જયાં આજે સારવાર દરમિયાન આધેડનું કરુણ મોત થયું હતું.

# રોઝડ ગામે પીવાના પાણીની પાઈપમાં ખોદકામ દરમિયાન ભંગાણ : ગ્રામજનો પાણી વગર પરેશાન

તાજપુર કેમ્પ, તા.૧૩

તલોદના રોઝડ ગામની સીમમાં જમીનમાં ખોદકામ દરમિયાન કોન્ટ્રાકટરે પીવાના પાણીની પાઈપ તોડી નાખતા ગ્રામજનો પીવાના પાણીની મુશ્કેલી વેઠી રહ્યા છે જયારે કોન્ટ્રાકટર આ તૂટેલી પાઈપ રીપેરીંગ ન કરી આપવા ખુલ્લી દાદાગીરી કરી રહ્યા છે. જેથી ગ્રામ પંચાયતે તેની સામે તલોદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

તલોદ તાલુકામાં આવેલ રોઝડ ગ્રામ પંચાયતમાં વોટર વર્કસથી રોઝડ સ્ટેન્ડ સુધી જમીનમાં પીવાના પાણીની પાઈપ લાઈન આવેલ છે. ૨૦૦ મીટર જેટલી લાંબી આ પાઈપ લાઈન દ્વારા બક્ષીપંચ વિસ્તારમાં પીવાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયાં આ જગ્યા ઉપર ખાનગી કોન્ટ્રેકટર દ્વારા આજે જમીન ખોદકામ કરવામાં આવતા આ પાણીની પાઈપ લાઈનમાં ભંગાણ થતા રહીશો પાણી વગર મુશ્કેલી અનુભવી રહ્યા છે. પાણી વગર ગ્રામજનોને ભારે તકલીફ પડતા આજે ગ્રામ પંચાયતના સભ્યો સાથે ગ્રામજનોએ કોન્ટ્રાકટરને મળી નવી પાઈપ નાંખી આપવાની વાત કરતા કોન્ટ્રાકટર દ્વારા લુખ્ખી દાદાગીરી કરવામાં આવતા ગ્રામજનો રોષે ભરાયા હતા અને કોન્ટ્રાકટર વિરુધ્ધ તલોદ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.





(તસવીર : સમીર બલોચ, જીતેન્દ્ર પટેલ, મોડાસા)

# અરવલ્લી જિલ્લા પોલીસ ધ્વારા ડ્રાઈવરો માટે મફત આંખ નિદાન કેમ્પનુ ૧૫મીએ આયોજન

સમગ્ર ગુજરાત રાજય માં હાલ ટ્રાફીક ઝુંબેશ અભિયાન ચાલુ કરવામાં આવ્યુ છે અને આ ઝુબેશ ના ભાગ રૂપે અરવલ્લી જિલલા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ના આદેશ થી મોડાસા ટાઉન પી.આઈ કે.જે ચૌધરી ધ્વારા મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ ના ચેરમેન સફીભાઈ ના સોજનય થી અરવલ્લી જીલલા ના ડ્રાઈવરો માટે તા. ૧૫ મી ને શનિવાર ના રોજ સવારે ૧૦ કલાકે રાણા સૈયદ ખાતે આવેલ રોડ ટ્રાન્સપોટ ના પેટ્રોલપંપ ઉપર એક દિવસીય મફત આંખ નિદાન કેમપ નુ આયોજન કરવામાં આવ્યુ છે આ કાર્યક્રમ નુ ઉદઘાટન અરવલ્લી જીલલા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ના હસ્તે કરવામાં આવશે જયારે આ કાર્યક માં મોડાસા ના આંખ ના જાણીતા ડોકટરો (૧) ડો સુનીલભાઈ પટેલ (૨)ડો જતીનભાઈ મેવાડા (૩) ડો કાન્તીભાઈ પટેલ (૪)ડો પંકજભાઈ ઓઝા હાજર રહેશે જેનો દરેકે લાભ લેવા જીલલા પોલીસે જપાવ્યુ હતુ

## પ્રાંતિજ ખાતે બી.એસ.એન.એલ.ની સેવાનો વર્કશોપ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૩

પ્રાંતિજમાં બી.એસ. એન. એલ.ની સેવા માટેનો વર્કશોપ યોજાયો હતો. જેમાં ગ્રાહકોને બી.એસ. એન.એલ.ની વિવિધ સેવાઓની માહિતી આપવામાં આવી હતી. પ્રાંતિજના ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે આજે જિલ્લા ટેલિફોન વિભાગના મેનેજર દ્વારા પ્રાંતિજ ખાતે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ તથા તાલુકામાંથી વેપારીઓ તથા ટેલિફોન ગ્રાહકોને બી.એસ.એન.એલ. દ્વારા મળતી સેવાઓ વિશે માહિતી પુરી પાડવામાં આવી હતી. કાર્યક્રમમાં સાંસદ દિપસિંહ રાઠોડે ગ્રાહકોને આપણી સ્વદેશી કંપની બી.એસ.એન.એલ.ને અપનાવી દેશહિતના કામમાં ભાગીદાર થવા સૂચન કર્યું હતું.

# ગતિશીલ ગુજરાત અંતર્ગત જિલ્લા કક્ષાના અધિકારીઓની સમીક્ષા બેઠક યોજાઈ

હિંમતનગર, તા. ૧૩

રાજય સરકારના ગતિશીલ ગુજરાત અંતર્ગત અપાયેલ નવિન લક્ષ્યાંકને સિધ્ધ કરવા અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સાબરકાંઠા જિલ્લાની મુલાકાત દરમિયાન વિવિધ વિભાગોને સોંપવામાં આવેલા કામગીરી સમીક્ષા બેઠક કલેકટર બંછાનિધિ પાનીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

બેઠકમાં કલેકટરએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સાબરકાંઠા જિલ્લાની મુલાકાત દરમિયાન જિલ્લાના વિવિધ વિભાગોને કામગીરી સોંપવામાં આવી હતી જેમાં વારસાઈ નોંધ ઝૂબેશ પૂર્ણ કરી -માણપત્ર મેળવવા, ઈડરના રાણી તળાવને નગરપાલિકાની હદમાં સમાવવા માટે દરખાસ્ત, મહિલા દૂધ મંડળીઓને જમીન ફાળવવી, વિજયનગરમાં નવિન બસ સ્ટેન્ડનું નિર્માણ , નવિન આંગણવાડીઓના મકાન બનાવવા સહિતના કામો ઝડપથી પૂર્ણ કરવા અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ દરમિયાન બાળ સ્વચ્છતા સફાઈ સહિતના કાર્યક્રમોને વધુ સઘન બનાવવા કલેકટરએ ભાર મુકયો હતો.





(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

ગતિશીલ ગુજરાત અંતર્ગત નવિન લક્ષ્યાંકની કામગીરીની સમીક્ષા કરતા જન ધન યોજના અંતર્ગત વિધવા મહિલાઓનું પેન્શન અને વિધાર્થીઓને શિષ્યવૃતિ તેમનાબેંકના ખાતામાં જમા થાય તે માટે ઝડપથી ખાતા ખોલવા અમલીકરણ અધિકારીઓને જણાવ્યું હતું જયારે જિલ્લામાં કુપોષણના કંલકને દૂર કરવા જિલ્લામાં મોડલ આંગણવાડી વિકસાવવા માટે ખાસ ભાર મુકયો હતો. ઉપરાંત જિલ્લાના વિકાસને લગતા વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી

આ બેઠકમાં અધિક કલેકટર એસ.ડી.ધાનાણી, -ાયોજના વહિવટદાર કે.એસ.વસાવા, -ાંત અધિકારી, હિંમતનગર અને ઈડર સહિત અન્ય અમલીકરણ અધિકારીઓ હાજર રહ્ના હતા.

## આજે હિંમતનગર ખાતે લોકસંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે

હિંમતનગર, તા. ૧૩

હિંમતનગરના નલીનકાન્ત ગાંધી ટાઉનહોલ ખાતે સાબરકાંઠા જિલ્લા -ભારી અને ગૃહ રાજય મંત્રી રજનીકાન્ત પટેલના અધ્યક્ષ સ્થાને આજે લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાશે.

આજે તા. ૧૪ નવેમ્બર ૨૦૧૪ શુક્રવારના સવારે ૦૯-૦૦ કલાકના રોજ નલીનકાન્ત ગાંધી ટાઉનહોલ ખાતે -ભારી મંત્રીના અધ્યક્ષ સ્થાને યોજાનાર લોક દરબારમાં વારસાઈ સંબધને લગતા -શ્નો, ફેરફાર નોંધો, વિધવા સહાય, વૃધ્ધ સહાય, નિરાધાર અપંગ સહાય, રેશનકાર્ડ, જાતિ-આવકના દાખલા સહિતના -શ્નોનું નિરાકરણ કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં સાસંદ દિપસિંહ રાઠોડ, હિંમતનગરના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ચાવડા, -ભારી સચિવ જયંતિ રવિ, કલેકટર બંછાનિધિ પાની, જિલ્લા વિકાસ અધિકારી નાગરાજન ઉપસ્થિત રહેશે.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામથી ગલોડીયા પરત ફરતા બાઈક સવાર સ્લીપ ખાઈ જતા એકનું મોત નિપજ્યું હતું. લક્ષ્મીપુરાથી બાઈકસવાર રેવાભાઈ કેવાભાઈ ભાટ ઉ.વ.૩૦ રહે. ગલોડીયા અને રમેશભાઈ ભુરાભાઈ વણઝારા ઉ.વ.૨૮ રહે. ખેડબ્રહ્મા બન્ને જણા ખેડબ્રહ્મા તરફ આવતા હતા ત્યારે ગલોડીયા પાસે બાઈક નં. જીજે-૯-એબી-૭૫૪ સ્લીપ ખાઈ જતા બાઈક સવાર રેવાભાઈનું માથામાં ભારે ઈજાઓ થતા સ્થળ ઉપર મૃત્યુ થયું હતું.





(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ગુજરાત બાળ આયોગે બનાસકાંઠાની મુલાકાત લીધી

પાલનપુર, તા.૧૩

ગુજરાત રાજય બાળ અધિકાર સંરક્ષણ આયોગ બે દિવસ માટે બનાસકાંઠા જિલ્લાની મુલાકાતે આવ્યું છે. આજ તા. ૧૨ નવેમ્બરના રોજ ગુજરાત રાજય બાળ આયોગના ચેરપર્સન ડૉ. રામેશ્વરીબેન પંડયાની આગેવાનીમાં કમિશનના સભ્યો નયનાબેન રામાણી, મધુબેન સેનમા અને જીજ્ઞાબેન પંડયાએ પાલનપુર સબજેલ, નારી સંરક્ષણ ગૃહ, ઓબ્ઝર્વેશન કમ ચિલ્ડ્રન હોમ પાલનપુર અને વેંડચા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી. આયોગે વિવિધ સ્થળોની મુલાકાત લઈ ત્યાં કરવામાં આવતી પ્રવૃત્તિઓની વિગતવાર માહિતી મેળવી સંતોષ વ્યકત કર્યો હતો. આયોગ ચેરપર્સન ડૉ. રામેશ્વરીબેન પંડયાએ જણાવ્યું હતું કે સમગ્ર દેશની નજર જયારે ગુજરાત ઉપર છે ત્યારે સરકારની પોલીસી અને પ્રોગ્રામ પ્રમાણે વ્યવસ્થિત કામ થઈ રહ્યું છે કે કેમ તે જોવા અને જાણવા અમે બનાસકાંઠા જિલ્લામાં આવ્યા હતા. તેમણે સંતોષ વ્યકત કરતા જણાવ્યું હતું કે અમને ખુશી છે કે સરકારની યોજનાઓ યોગ્ય રીતે ફળીભૂત થઈ રહી છે અને તેનો લાભ લોકોને સરળતાથી મળી રહ્યો છે.

આયોગે પાલનપુર નારી સંરક્ષણ ગૃહની મુલાકાત લઈ ત્યાં રહેતી બહેનોને કઈ કઈ સવલતો આપવામાં આવે છે તથા તેમને કોઈ તકલીફ હોય તો રજુ કરવા જણાવ્યું હતું. પાલનપુર સબ જેલમાં ૨૦ વર્ષથી નીચેની વયના પુરુષ અને મહિલા આરોપીઓ વિશે માહિતી મેળવી જાત તપાસ કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦